**DATE: 23/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ભરૂચના પેટ્રોલ પંપ પર ઠગાઇ કરી હતી

# પેટ્રોલ પંપ પર ચોરી કરનાર આરોપી હિંમતનગરથી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચમાં દહેજ બાયપાસ પર આવેલાં એચપી પેટ્રોલ પંપ પર મધ્યરાત્રીએ બોલેરો પિકઅપમાં ડિઝલ ભરવા આવેલાં બે શખ્સોએ ડિઝલના 2310 રૂપિયા ઓનલાઈન કર્યાં હતાં. જેના પગલે પંપના ફિલરે બીજા પંપ પર કામ કરતાં શખ્સ પાસે મશીનમાં તપાસવા ગયો હતો. તે વેળાં પિકઅપ ચાલકે ત્યાંથી ભાગી ગયો હતો.

દરમિયાનમાં તપાસ કરતાં તેના ટેબલના ખાનામાંથી તેઓ 10 હજાર રોકડા પણ ચોરી ગયાનું માલુમ પડ્યું હતું. ફરિયાદ નોંધાતાં એ ડિવિઝન પોલીસે વિવિધ સીસીટીવી ફૂટેજ તપાસતાં તેના નંબરના આધારે વડોદરા ખાતેતેના માલિક મળતાં તેમની પુછપરછમાં તેનું નામ વ્રજપાલ વનરાજસિંહ ઝાલા (રહે. હિંમતનગર) હોવાનું માલુમ પડ્યું હતું. જેના પગલે પોલીસે તેને હિંમતનગરથી ઝડપી પાડ્યો હતો. જ્યારે તેના સાથીદાર વિવેક મિનેશ શાહને વોન્ટેડ જાહેર કર્યો હતો.

DATE: 23/12/2024 CATEGORY: GREEN
E-PAPER GUJARAT SAMACHAR PAGE-01

### મકાન ભાડે આપી જાહેરનામાનો ભંગ કરનાર

# નેત્રંગ નગરના બે મકાન માલિકો સામે ગુનો નોંધાયો

નેત્રંગ. તા.૨૨

નેત્રંગ પોલીસ દ્વારા મકાન ભાડુઆત સંબંધીત જાહેરનામાનો ભંગ કરનાર કેટલાક મકાન માલિકો વિરૂધ્ધ ગુના દાખલ કરવાની કામગીરી હાથ ધરી છે.

## પોલીસની કાર્યવાહીથી પરપ્રાંતીયોને મકાન અને દુકાન ભાડે આપનારં મકાન માલિકોમાં ફફડાટ ફેલાયો

નેત્રંગ પોલીસ સ્ટેશનના પીઆઈની સુચનાથી જાહેરનામાનો ભંગ કરનારા મકાન માલિકો સામે કાર્યવાહી હાથ ધરી રહી છે. નેત્રંગ પોલીસ ની ટીમે નેત્રંગ નગરમા તપાસ હાથ ધરી હતી.જેમા નોંધણી વિના અન્યને મકાન તેમજ દુકાનો ભાડે આપેલા હોય તેવા મકાન અને દુકાન માલિક સામે ગુનો દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

જાહેરનામાનો ભંગ બાબતે નેત્રંગ પોલીસ થકી હાલમાં કામગીરી ચાલી રહી છે,મકાન માલિકોએ ભાડુઆત ની નોંધ પોલીસ સ્ટેશનમા કરાવી ન હતી. જેઓની સામે કાયદેસરની કાર્યવાહી ગુનોં નોંધવામા આવેલી છે. જેમા નેત્રંગ નગરમા બે મકાન માલિકો જેમા (૧) હિતેન કુમાર ડાહ્યાભાઈ પટેલ (રહે બેડોલી તા. નેત્રંગ) (૨) રાજેશભાઈ સોહનલાલ શાહ (રહે જવાહરબજાર, નેત્રંગ ) વિરૂધ્ધ ગુના નોંધી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે, નેત્રંગ પોલીસે જાહેરનામાના ભંગ બાબતે કડક હાથે કામગીરી શરૂ કરાતા પ્રરપ્રાંતીયના લોકોને મકાન તેમજ દુકાનો ભાડે આપનાર મકાન માલિકોમાં ફફડાટ ફેલાયો છે.

**DATE: 24/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-10**

# ઉમલ્લામાં મકાન ભાડે આપનાર મકાન માલિક સામે ગુનો દાખલ

ઝઘડિયા : ઝઘડિયા તાલુકાના ઉમલ્લા પોલીસમાંથી મળતી વિગતો મુજબ ઉમલ્લા પીઆઈ વાઘેલાના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફ દ્વારા પોલીસ મથક વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંતર્ગત ચેકિંગ હાથ ધર્યું હતું. તે દરમિયાન ઉમલ્લા જુના ફળિયામાં એક મકાનમાં ભાડેથી રહેતા મુથ્થુ પેરુમલ તેવર મુળ રહે.તામિલનાડુનાની પુછપરછ કરતા તે ભાડાથી રહેતો હોવાનું જણાવ્યું હતું, અને આ મકાનના માલિક ઈલાબેન પટેલ હોવાનું જણાવ્યું હતું. પોલીસે મકાન માલિકનો સંપર્ક કરી મકાન ભાડે આપ્યા બાબતની પોલીસમાં કરાવેલ નોંધણી અને ભાડુઆતની ઓળખના પુરાવા માંગતા તે મળી શકેલ નહિ. મકાન ભાડે આપતા સમયે સ્થાનિક પોલીસમાં નોંધણી નહિ કરાવેલ હોઈ તેને લઈને જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામા ભંગના ગુના હેઠળ પોલીસે મકાન માલિક વિરુધ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

# અંકલેશ્વરની ગાર્ડન સિટી ટાઉનશિપમાં જુગાર રમતા ચાર શખ્સ ઝડપાયા

અંકલેશ્વર તા. ૨૩

અંકલેશ્વરની કોસમડી ગ્રામ પંચાયત અંતર્ગત આવતી ગાર્ડન સીટી ટાઉનશીપના શોપિંગ કોમ્પ્લેક્ષની પાછળના ભાગે ખુલ્લી જગ્યામાં પતાપાનાનો જુગાર ખેલતા ચાર જુગારીઓને જીઆઈડીસી પોલીસે ઝડપી પાડયા હતા. અંકલેશ્વર જીઆઈડીસી પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન બાતમી મળી હતી કે 'અંક્લેશ્વર ગાર્ડનસીટી ખાતે આવેલ કોમ્પ્લેક્ષની પાછળ ખુલ્લી જગ્યામા કેટલાક ઇસમો પત્તા પાનાનો હારજીતનો જુગાર રમે છે.'તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરતા ચાર જુગારીઓ ઝડપાય ગયા હતા. પોલીસે તેઓની અંગ ઝડતીમાં રોકડા રૂ. ૯૦૦૦ તથા દાવ ઉપરના રોકડા રૂ.૩૨૫૦ મળી કુલ રૂ.૧૨,૨૫૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતા. પોલીસે ગુનો દાખલ કરી વિજય બાલા ભડભડીયા, નીખીલ કુનીલ ડોંગરે, પ્રશીષ સાહેબરાવ ડોંગરે, રમેશ નાઈકી મરંડીની અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 24/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# ઝઘડિયાના ભાલોદ ગામે જુગાર રમતા ૬ શખ્સ ઝડપાયા

ઝઘડિયા,તા.૨૩

ઝઘડિયા તાલુકાના ભાલોદ ગામેથી પોલીસે જુગાર રમતા છ ઈસમોને કુલ રૂા.૩૬,૬૮૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. રાજપારડી પીઆઈ પોલીસ સ્ટાફ સાથે પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન બાતમીના આધારે ભાલોદ ગામે જુના સરકારી દવાખાનાની ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જુગાર રમે છે.

## પોલીસે કુલ રૂા.૩૬ હજારનો મુદ્દામાલ કબજે લઈ ૬ શખ્સો સામે ગુનો નોંધ્યો

પોલીસે મળેલી બાતમી મુજબના સ્થળે જઈને રેઈડ કરતા ત્યાં કેટલાક ઈસમો ભેગા મળી જુગાર રમતા જણાયા હતા. પોલીસે ઘટના સ્થળેથી રોકડા રૂપિયા, મોબાઈલ નંગ-૫ તેમજ જુગાર રમવાના પત્તાપાના મળી કુલ રૂા.૩૬,૬૮૦ નો મુદ્દામાલ કબજે લીધો હતો. સ્થળ ઉપરથી જુગાર રમતા છ ઈસમો ઈલ્યાસ સલીમ દિવાન રહે. ભાલોદ તા.ઝઘડિયા, ગોપાલ મોહનભાઈ માછી રહે. ભાલોદ તા.ઝઘડિયા, મુસ્તાક સબ્બિર પટેલ રહે. રૂંઢ તા. ઝઘડિયા, ઈનાયતખાન રફીકભાઈ કુરેશી રહે. ઈન્દોર તા. ઝઘડિયા, સોહિલ ઈસ્માઈલ ચૌહાણ રહે. રૂંઢ તા. ઝઘડિયા તેમજ સોહિલશા હુશેનશા દિવાન રહે. રૂંઢ તા. ઝઘડિયા જિ.ભરૂચના વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 24/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-11**

# ખોટા દસ્તાવેજ બનાવી રૂ.7.77 કરોડની છેતરપિંડી કરનારો ચાર વર્ષે ઝડપાયો

**કામરેજનો** જગદીશ વેકરિયા ખોટા દસ્તાવેજો બનાવી લોન મેળવવામાં કુખ્યાત છે



ભરૂચ, ઝઘડિયાઃ ખોટા દસ્તાવેજ કુલ રૂ.7,77,89,000/-ની લોનો મેળવીને છેતરપિંડી આચરી છેલ્લા ચાર વર્ષથી નાસતા ફરતા આરોપીને ભરૂચ SOGની ટીમે ઝડપી લીધો હતો.

બાતમીના આધારે ભરૂચ એ-ડિવીઝન પોલીસમથકમાં છેતરપિંડીના, નકલી દસ્તાવેજ ઉભા કરવા સહિતના નોંધાયેલા ગુના હેઠળ ચાર વર્ષથી આરોપી જગદીશભાઈ ઉર્ફે જિજ્ઞેશ વેકરીયા ફરાર હતો. આરોપી વિરૂધ્ધ ખોટા દસ્તાવેજ બનાવી અલગ-અલગ મળીને કુલ રૂપિયા 7.77 કરોડની લોનની રકમો મેળવી છેતરપિંડી આચરવામાં આવી હોવાનો ગુનો નોંધાયેલો હતો. આ ગુનામાં નાસતા ફરતા આરોપી જગદીશભાઈ ઉર્ફે જિજ્ઞેશ બાલુભાઈ પરસોતમભાઈ વેકરીયા (હાલ રહે., કામરેજ, સુરત તથા મૂળ દેતડ, તા.સાવરકુંડલા, જિ.અમરેલી)નાને ઝડપી લઈને ભરૂચ શહેર એ-ડિવીઝન પોલીસને સોંપ્યો હતો.

જગદીશભાઈ બાલુભાઈ વેકરીયા તથા અન્ય એક વિજયભાઈ વિનુભાઈ ફિણવીયા મામા-ફોઈના દિકરા થાય છે. તેઓ ખોટા દસ્તાવેજો બનાવી બેન્કોમાંથી પ્લોટ ઉપર મકાન તથા બાંધકામ અંગેની લોનો મેળવવાની મોડસ ઓપરેન્ડી માટે કુખ્યાત છે.

**DATE: 25/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ભરૂચના દાંડિયાબજારમાં ઘટના બની હતી

# મહિલાનો દરવાજો ખખડાવી અભદ્ર માંગણી કરનાર ઝબ્બે

ભાસ્કરન્યૂઝ|ભરૂચ

ભરૂચના દાંડિયાબજાર વિસ્તારમાં આવેલાં ભૃગુઋષી મંદિર પાસે એકલી રહેતી એક ત્યક્તાના ઘરે રાત્રીના દોઢ વાગ્યે દરવાજો ખખડાવી અભદ્ર માંગણી કરનાર આરોપીને પોલીસે દબોચી લીધો હતો.

ભરૂચ શહેરના નર્મદા નદી કિનારે દાંડિયાબજાર વિસ્તારમાં આવેલાં ભૃગુઋષી શનિદેવ મંદિર પાસે છૂટાછેડાં બાદ 24 વર્ષથી એક મહિલાં એકલી રહેતી હતી. તેઓ તેમના ઘરમાં રાત્રીના સમયે નિત્યક્રમ મુજબ તમામ કામ પુર્ણ કરી સુઈ ગયાં હતાં. દરમિયાનમાં રાત્રીના દોઢ વાગ્યાના અરસામાં તેના ઘરની સામે રહેતાં શનિ રમેશ દેવીપુજકે તેના ઘરનો દરવાજો જોર-જોરથી ખખડાવતાં મહિલાએ દરવાજો ખોલતાં તેણે તેની પાસે અભદ્ર માંગણીઓ કરી ધિંગાણું કર્યું હતું. 181 મહિલા હેલ્પલાઈનને ફોન કરતાં તે ત્યાંથી ભાગી ગયો હતો. દરમિયાનમાં ભરૂચ પોલીસે આરોપી વિરૂદ્ધ ગુનો નોંધ્યો હતો. પોલીસે અલગ અલગ ટીમો બનાવી આખરે તેને ઝડપીપાડયો હતો.

### એક વર્ષ પહેલાં આ જ વૃધ્ધા પર દુષ્કર્મ કર્યું હતું

# આમોદ તાલુકામાં વૃદ્ધા પર દુષ્કર્મ કરનાર યુવાન કેરવાડાથી ઝડપાયો

### જામીન પર છૂટ્યા બાદ ફરીથી બે વાર દુષ્કર્મ કરતાં ફિટકાર

। જંબુસર ।

ભરૂચ જિલ્લામાં વધુ એક દુષ્કર્મની કલંકિત ઘટના ઘટી હતી. આમોદ તાલુકાના એક ગામે ૭૦ વર્ષની વૃદ્ધા ઉપર ગામના જ ૩૫ વર્ષીય યુવાને દુષ્કર્મ કરતાં ચકચાર મચી ગઈ છે. LCBએ કેરવાડા ગામની સીમમાંથી ઝડપી પાડ્યો હતો.

આમોદ તાલુકાના એક ગામે ખેતરમા ઝૂંપડામાં રહેતી એક ૭૦ વર્ષની વૃદ્ધા ઉપર શૈલેષ જગદીશ રાઠોડે તા.૧૫મી તથા તા. ૨૨મી ડિસેમ્બર એમ બે વખત દુષ્કર્મ કરી કોઈને કહીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આમોદ પોલીસ મથકે વૃદ્ધાએ ફરિયાદ આપતા પોલીસે તેને પકડાવાના ચક્રો ગતિમાન કર્યા છે. આમોદ પોલીસ સ્ટેશનમા ગત રોજ ગુનો નોંધાતા આમોદ પોલીસે વિવિધ પોલીસ ટીમો બનાવી આરોપીને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી હતી. જેની તપાસ વિભાગીય પોલીસ અધિક્ષક પી. એલ ચૌધરીના માર્ગદર્શન હેઠળ આમોદ પોલીસ ઈન્સ્પેકટર આર.બી. કરમટીયા ચલાવી રહ્યા હતો. વર્ષ ૨૦૨૩માં પણ શૈલેષ રાઠોડે વૃદ્ધાને હવસનો શિકાર બનાવતાં આમોદ પોલીસે જૂન ૨૦૨૩માં ધરપકડ કરી હતી. દરમિયાન શૈલેષ રાઠોડ જામીન ઉપર છૂટ્યા બાદ ફરીથી વૃદ્ધા પર દુષ્કર્મ કર્યું હતું. હાલ ભરૂચ જિલ્લાની અલગ અલગ પોલીસ ટીમો યુવકને શોધવા કામે લાગી હતી. જોકે મળતી માહિતી અનુસાર LCBએ કેરવાડાની સીમમાંથી આરોપીને ઝડપી પાડ્યો હતો.

**DATE: 25/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### પોલીસે આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

# ભરૂચમાં 17 વર્ષના સગીરે 10 વર્ષના બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યું

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરમાં શહેરમાં એક 17 વર્ષના તરૂણે વિસ્તારમાં નજીકમાં જ રહેતાં 10 વર્ષના સગીર સાથે સૃષ્ટી વિરૂદ્ધનું કૃત્ય આચર્યું હતું. બનાવને પગલે ભરૂચ એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે તુરંત એક્શનમાં આવી આરોપીને શોધી કાઢ્યો હતો. આરોપી કાયદાના સંઘર્ષમાં આવતું બાળક હોઈ તેને બાળ સુધારગૃહમાં મોકલી અપાયો હતો.

ભરૂચ શહેર જિલ્લામાં એક તરફ ઝઘડિયા દુષ્કર્મ કેસ ચર્ચાની એરણે છે. ત્યારે ભરૂચમાં વધુ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. શહેરના જૂનાભરૂચ વિસ્તારમાં આવેલાં એક વિસ્તારમાં રહેતાં 17 વર્ષના તરૂણની વિસ્તારમાં જ રહેતાં એક 10 વર્ષના બાળક સાથે ઓળખાણ હતી. તેઓ વચ્ચે મૈત્રી હતી દરમિયાનમાં 17 વર્ષના તરૂણે બાળકને વાતોમાં ભોળવી લઈ ગયાં બાદ તેની સાથે સૃષ્ટી વિરૂદ્ધનું કૃત્ય આચર્યું હતું. ઘટના અંગે 10 વર્ષના બાળકના પરિવારને જાણ થતાં તેમના માથે જાણે આભ ફાટ્યું હોય તેમ તેવી સ્થિતી સર્જાઈ હતી. જોકે, પરિવારે ભરૂચ એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી આરોપીને શોધવાની કવાયત હાથ ધરતાં તે ઝડપાઈ ગયો હતો. બાળકની ઉંમર 17 વર્ષની હોવાથી તે કાયદાના સંઘર્ષમાં આવતું બાળક હોઈ પોલીસે તેને ભરૂચના બાળ સુધાર ગૃહમાં મોકલી આપી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 26/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### મુન્દ્રા ડેનિમમાં 2.89 લાખની ચોરીની ઘટના

# અંકલેશ્વરમાં થયેલી ચોરીમાં 9 માસથી ફરાર આરોપી ઝબ્બે

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસીપોલીસે ઘરફોડ ચોરીના ગુનામાં છેલ્લા 9 માસથી ફરાર રીઢાચોરની ધરપકડ કરી હતી.કંપની માંથી 2.89 લાખના સામાનની ચોરી થઈ હતી.

જીઆઈડીસી પીઆઈ આર.એચ.વાળાના માર્ગદર્શન હેઠળ ફરાર આરોપીઓને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી હતી. જેમાં ચોરીના કેસમાં 9 માસથી ફરાર આરોપીને મીરાનગર વિસ્તારમાંથી ઝડપી લેવામાં સફળતા મળી છે. એપ્રિલ મહિનામાં મુન્દ્રા ડેનિમ કંપનીમાં2.89 લાખની ચોરીની ઘટનામાં અગાઉ આરોપીઓને ઝડપી લેવાયા હતાં પણ એક સાગરિત નાસતો ફરતો હતો. ફરાર ગૌરવ ઉર્ફે મુરઘી ઉર્ફે ગોરીયા ગોંડને ઝડપી પાડવા સી.આર.પી.સી ક.70 મુજબનું વોરંટ પોલીસે મેળવ્યું હતું. આરોપી મીરાનગર સારંગપુર ખાતે હોવાની ચોક્કસ માહિતી મળતા જ દરોડો પાડી તેને ઝડપી લેવાયો છે. આરોપી 9 માસ સુધી ક્યાં છુપાયો હતો સહિતની વિગતો મેળવવા તેની પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

**DATE: 26/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

### નેત્રંગના કંબોડીયા ગામે

# સટ્ટાબેટિંગના આંકડાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

**નેત્રંગ. તા.૨૫**

**નેત્રંગ- ઝંખવાવ રોડ ઉપર આવેલા કંબોડીયા ગામે નેત્રંગ પોલીસે આંક ફરકના આંકડાનો જુગાર રમાડતા એક શખ્સને કુલ રૂ.૧,૮૮૦ ના મુદામાલ સાથે ઝડપી લીધો હતો.**

## પોલીસે મુદ્દામાલ કબજે લઇ ગુનો દાખલ કર્યો

નેત્રંગ પોલીસે બાતમીના આધારે તા,૨૪મી ના રોજ પેટ્રોલિંગ મા હતા, તે સમય દરમિયાન ચોક્કસ બાતમીદાર થી બાતમી મળી હતી, કે કંબોડીયા ગામે પંચાયત ફળીયામા રહેતો ધર્મેન્દ્ર રમણ વસાવા સુરેશ દમણીયા વસાવાના ઘર પાછળ આવેલા વૃક્ષ નીચે બેસી આંક ફરકના આંકડાનો સટ્ટા બેટીંગ નો જુગાર રમી રમાડી રહેલા છે.જે બાતમી આધારે રેડ કરાતા આંકડાનો જુગાર લખતો ધર્મેન્દ્ર રમણ વસાવા ઝડપાઈ ગયો હતો.રોકડા રૂ,૧,૬૮૦ તેમજ અંગઝડતી કરાતા રોકડા રૂ.૨૦૦ મળી કુલ રૂ.૧,૮૮૦ નો મુદામાલ જપ્ત કર્યો હતો.

નેત્રંગ પોલીસ સ્ટેશન ખાતે ગુનો દાખલ કરાવી કાયદેસર ની કાર્યવાહી કરી હતી.

**DATE: 26/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### મોબાઇલ ચોરીની આશંકાએ મૃતકનું અપહરણ કરી માર માર્યો હતો

# અંકલેશ્વરમાં યુવાનની હત્યા કર્યા બાદ ફરાર આરોપી દિલ્હીના બુરારીથી પોલીસ સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં મોબાઈલ ચોરીની આશંકાએ યુવાનનું અપહરણ કરી માર મારી હત્યા કરવાના ગુનામાં પોલીસે છઠ્ઠા આરોપીની ધરપકડ કરી છે. આરોપી દિલ્હીમાં છુપાયેલો હોવાની માહિતી મળતાં પોલીસે દરોડો પાડયો હતો.

ગત તા 22 ઓગસ્ટ 2024 ના રોજ ઉમરવાડા રોડ ઉપર માહ્યાવંશી સ્મશાન પાસે રેલ્વે ટ્રેક નજીકથી



મહારાષ્ટ્રના પંકજ સુપડુ ભારંભેની હત્યા કરાયેલ મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે આ ગુનામાં રીકશાચાલકો સહિત ચાર આરોપીઓની ધરપકડ કરી હતી. મોબાઈલ ચોરીની શંકાએ યુવકનું અપહરણ કરી તેને ઢોર માર મારવામાં આવ્યો હતો. મારના કારણે તેનું મોત થતાં યુવાનના મૃતદેહને ઉમરવાડા રોડ પર ફેંકી દેવાયો હતો. આ ગુનામાંપોલીસે અગાઉમોહિત વીરેન્દ્ર દોહેરે,સુકેન્દ્ર શ્યામ સીંગ જાટવ, લાલારામ દોહરે અને ઉદ્દલસિંગ દોહરે ઝડપી પાડ્યા હતાં જયારે રામભરોસે નાગર ફરાર હતો. આરોપી દિલ્હીના બુરારી વિસ્તારમાંહોવાની ચોક્કસ માહિતી અંકલેશ્વર પોલીસને મળતાં એક ટીમ દીલ્હી મોકલવામાં આવી હતી. જયાં ટીમે આરોપીને ઝડપી પાડયો હતો અને તેને અંકલેશ્વર લવાયો છે. આરોપીની વધુ પૂછપરછ પીઆઈ ચાવડાએ હાથ ધરી છે. મોબાઈલ ચોરીની આશંકાએ યુવાનની હત્યામાં અત્યાર સુધીમાં છ આરોપીને જેલભેગા કરી દેવામાં આવ્યાં છે. સાળા અને બનેવી રેલવે સ્ટેશન પર હાજર હતાં ત્યારે મોબાઈલ ફોનની ચોરી થઈ હતી અને તેમને આ યુવાન પર શંકા હોવાથી રીકશામાં અપહરણ કરીને લઈ ગયાં હતાં.

**DATE: 26/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-07**

### દિલ્હી મુંબઈ એક્સ્પ્રેસ હાઈવે પર બનેલી ઘટના

# માતરથી પોલીસે પિકઅપમાં લઈ જવાતી ૫ ભેંસો બચાવી

। જંબુસર ।

આમોદ પોલીસે આંટીથી પીકઅપ ગાડીમાં ખીચોખીચ ભરીને વલણ લઈ જતી પાંચ ભેંસો બચાવી હતી. ગેરકાયદેસર પશુઓની હેરાફેરી કરનાર ગાડીનો ડ્રાઈવર ઝડપાઈ ગયો હતો. જ્યારે ગાડીનો ક્લીનર પોલીસને જોઈ ભાગી જતાં તેને વોન્ટેડ જાહેર કરી કાયદેસરની કાર્યવાહી હતી.

આમોદ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટરને બાતમી મળી હતી કે માતર ગામ પાસે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે ઉપર પીક-અપ ગાડીમાં ઘાસચારા કે પાણીની વ્યવસથા વગર, કુરતા પુર્વક બાંધીને રાત્રીના સમયે નિકળેલ છે. જેથી પોલીસે કોર્ડન કરી ગાડી રોકી હતી. તેમા પાંચ ભેંસોને ઘાસચારા કે પાણીની વ્યવસ્થા વગર બાંધી રાખી હતી. આ અબોલ પશુઓને આમોદ પોલીસે મુક્ત કરાવ્યા હતા.

પોલીસે ગેરકાયદેસર પશુઓની હેરાફેરી કરનાર ડ્રાઈવર મુસ્તાક રહિમ અલી મલેકની અટકાયત કરી હતી. ડ્રાઈવરને પૂછતા જણાવ્યુ હતું કે ગાડીના માલિક ઈલ્યાસ અહેમદ મલેકના ઘરેથી ભેંસો ભરીને વલણ ગામ જવાનું હતું. જ્યારે ગાડીનો ક્લીનર તૌસીફ દિવાન પોલીસને દુરથી જોઈ જતા ગાડીમાંથી ભાગી ગયો હતો. પોલીસે કુલ રૂા.૨,૭૫,૦૦૦ ના મુદામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી હતી.

### પોલીસે ભેંસોને પાંજરાપોળ ખાતે મોકલી આપી

**DATE: 27/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-10**

# અંકલેશ્વર GIDC પોલીસે ચોરીની બાઈક સાથે આરોપીની ધરપકડ કરી

અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથકના પોલીસ ઈન્સપેકટર આર.એચ. વાળા અને સ્ટાફ નાઈટ પેટ્રોલીંગમાં હાજર હતા તે દરમ્યાન મળેલ બાતમી આધારે જી.આઈ.ડી.સી. અતિક બેકરી પાસેથી એક ઈસમને ચોરીમાં થયેલ બાઈક સાથે ઝડપી પાડયો હતો. પોલીસે મૂળ દાહોદના ચેતન ઉર્ફે શેતાન દિતીયાભાઈ ભાભોરની ધરપકડ કરી હતી જ્યારે અન્ય એક કમલેશ કેસુભાઈ નિનામાને વોન્ટેડ જાહેર કર્યો હતો.

**DATE: 27/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-08**

# કાપોદ્રામાં દારૂ સાથે બુટલેગર પકડાયો

અંકલેશ્વર:અંકલેશ્વર તાલુકા પોલીસે બાતમીના આધારે કાપોદ્રા ગામે પ્રતિષ્ઠા રેસિડેન્સીમાં આવેલા મકાન નં.300ના પ્રથમ માળે આવેલા હોલની અંદર આવેલા રૂમમાં એક પ્લાસ્ટિકની થેલીમાંથી પોલીસે ઇંગ્લિશ દારૂ કિં.રૂ.6730 તથા મોબાઇલ કિં.5000 મળી કુલ કિં. રૂ.11,730ના મુદ્દામાલ સાથે બુટલેગર રમઝાન ઇદ્રીશ મશુખા શેખને ઝડપી પાડ્યો હતો.

**DATE: 27/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# અડચણરૂપ મોડિફાય કરેલી કારના ચાલક સામે કાર્યવાહી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરના મહમંદપુરા સર્કલ પાસે બી ડિવિઝન પોલીસની ટીમ વાહન ચેકિંગમાં હતી. તે વેળાં ખંજરા હોટલ પાસે એક કાળા-લીલા કલરની અમદાવાદ પાર્સિંગની મોડીફાય કરાવેલી એક કાર ટ્રાફિકને નડતરરૂપ ઉભેલી હતી. પોલીસે તેની પુછપરછ કરતાં તેનીપાસે આરટીઓ કોઈ પરવાનગી પણ જણાયું ન હતું. બીજી તરફ કારમા આગળના કાચ પર એન્ટી કરપ્શન એન્ડ ક્રાઈમ કન્ટ્રોલ લખેલુ બોર્ડ મુકેલું હતું.

**DATE: 27/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

# ગેસ રીફિલિંગ કરતો ઈસમ ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસને મળેલી માહિતીના આધારે રાજપીપલા રોડ પર આવેલ ગડખોલની સુંદર રેસીડેન્સી સોસાયટી નજીક પાન ગલ્લાની પાછળથી ગેરકાયદેસર ગેસ ભરેલી મોટી બોટલોમાંથી નાની ગેસની બોટલમાં રીફીલીંગ કરતા મૂળ બિહાર અને હાલ સુંદર રેસીડેન્સી માં રહેતા અજીત કુમોદરામ સિન્હાને ઝડપી પાડયો હતો .જીઆઈડીસી પોલીસે સ્થળ ઉપરથી બે નંગ મોટી ગેસની બોટલો, વજન કાંટો અને રીફીલીંગ પાઈપ મળી રૂ 4.900નો મુદ્દામાલ જપ્ત કરી તપાસ હાથ ધરી છે

**DATE: 27/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

## ભરૂચ ક્રાઈમ બ્રાન્ચની કાર્યવાહી

# લક્ષ્મી ઓટો બોડી બિલ્ડર્સ કંપનીની ચોરીનો ભેદ ઉકેલાયો

અંક્લેશ્વર

ભરૂચ ક્રાઈમ બ્રાન્ચની ટીમ અંક્લેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમ્યાન બાતમી મળી હતી કે અંક્લેશ્વર જી.આઈ.ડી.સી. માં ને.હા.નં. ૪૮ ની બાજુમાં આવેલ લક્ષ્મી ઓટો બોડી બિલ્ડર્સ કંપનીમાં નવ દિવસ અગાઉ વેલ્ડીંગ મશીનના વાયરની થયેલ ચોરીમાં મુકેશ ઉર્ફે નાનો રતનભાઈ ભુરીયા તથા તેનો મિત્ર સંડોવાયેલ છે.

જેમાં મુકેશ ઉર્ફે નાનો ભુરીયા હાલમાં અંકલેશ્વર જી.આઈ.ડી. સી માં રચનાનગર રેલ્વે ફાટક પાસે જોવા મળ્યો છે જેના આધારે તેની અટકાયત કરી પૂછપરછ કરતા તેણે ગુનાની કબૂલાત કરી હતી.આરોપીઓએ ચોરીનો સામાન ભંગારીયા સિરાજ અંસારીને આપ્યો હોવાનું બહાર આવતા પોલીસેતેની અને અન્ય ઈસમ કનૈયા લક્ષ્મણભાઈ પ્રસાદની પણ અટકાયત કરવામાં આવી છે.પોલીસે આરોપીઓ પાસે રૂ.૭ હજારનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 27/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-08**

# શેરપુરામાં 15 દિવસ ભાડે રહેવાનું કહી મકાન ખાલી નહીં કરનારી મહિલાની ધરપકડ

ભરૂચ: ભરૂચ શહેરના શેરપુરા ગામની ચિસ્તિયા સોસાયટીમાં સિરીન સાહીલ હુસેન સૈયદ નામની મહિલાએ હું સૈયદ છું અને ડોક્ટર પણ છું, મેં મકાન લઈ લીધું છે. 15 દિવસમાં દસ્તાવેજ થઈ જશે ત્યાં સુધી અમને મકાન આપો એમ કહી મકાન રહેવા માંગ્યું હતું. જેથી મકાન માલિક અબ્દુલ અજીજ મુસા પટેલે 15 દિવસ માટે મકાન આપ્યું હતું. ત્યાર બાદ ખાલી કરવા કહેતાં સિરિન સાહિલ સૈયદે મકાન હજી 15 દિવસ માટે આપો એમ કહ્યું હતું. 1 મહિના બાદ પણ મકાન ખાલી નહીં કરતાં મકાનમાલિક અબ્દુલને ધમકી આપી ખોટી ફરિયાદો કરી હતી. આથી મકાનમાલિકે 2023ની સાલમાં લેન્ડ ગ્રેબિંગની અરજી કરી હતી. મકાનમાલિકની અરજી માન્ય રાખી ભેજાબાજ મહિલા વિરુદ્ધ એ-ડિવિઝન પોલીસે ગુનો નોંધી મહિલાની ધરપકડ કરી હતી.

**DATE: 27/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ભરૂચના શખ્સ સાથે 1.30 કરોડની ઠગાઇ, સુરતમાં સાઇબર ટીમના ધામા

# ઓનલાઈન ગુગલ રિવ્યુના ટાસ્કમાં રૂપિયા કમાવવાની લાલચે ઠગાઈ કરનાર બે ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના એક શખ્સને ઓનલાઇન ગુગલ રિવ્યૂના ટાસ્ક પુર્ણ કરવાના બદલામાં રૂપિયા કમાવવાની લાલચ આપી ભેજાબાજોએ 1.30 કરોડની ઠગાઈ કરી હતી. મામલામાં ભરૂચના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. ટીમે એક્શનમાં આવી ટેક્નિકલ સર્વેલન્સની મદદથી સુરતના બે શખ્સોની ધરપકડ કરી છે.

ભરૂચના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફેબ્રુઆરી



મહિનામાં એક ફરિયાદ નોંધાઈ હતી. જેમાં એક શખ્સનો ઓનલાઇન સંપર્ક કરી ગુગલ રિવ્યૂના ટાસ્ક પૂર્ણ કરવાના બદલામાં સારો રૂપિયા કમાવવાની લાલચ આપી હતી. તેમને વિશ્વાસ બેઠો હતો. ત્યાર બાદ ફરિયાદીઓને વિશ્વાસમાં લઈને ટેલિગ્રામ ઉપર લિંક દ્વારા ડમી એપ્લીકેશન ડાઉનલોડ કરાવી ઈન્વેસ્ટમેન્ટ કરાવી મોટુ વળતર મેળવવાની લાલચ આપી અલગ-અલગ યુપીઆઈ આઈ.ડી.તથા અલગ-અલગ બેંક એકાઉન્ટમાં અલગ- અલગ સમયે કુલ રૂ.1.32 કરોડ ભરાવ્યાં હતાં. બીજી તરફ તેમને લલચાવવા માટે તબક્કાવાર રીતે 1.63 લાખ વળતર પેટે ચુકવ્યાં હતાં.

જ્યારે હજી 1.30 કરોડ ચાંઉ કરી ગયાં હતાં. બનાવને પગલે પોલીસે બેન્ક એકાઉન્ટ, દસ્તાવેજો તેમજ મોબાઈલ નંબરના આધારે તપાસ કરતાં તેમના રૂપિયા જે એકાઉન્ટમાં ગયાં હતાં. તે પૈકીના બે શખ્સો સુરત ખાતે રહેતાં હોઈ બન્નેને ઝડપી પાડ્યાં હતાં. તેમના નામ રીયાઝુદ્દીન જાહીદહુસેન શેખ તેમજ સુફીયાન બીલાલ ખલીફા ( બન્ને રહે. શાબરીનગર, સુરત) હોવાનું માલુમ પડ્યું હતું. પોલી બન્નેનના રિમાન્ડ મેળવવાની કવાયત હાથ ધરી છે.

### સુરત અને નવસારીના ઠગોએ એટીએમ કાર્ડ બદલી ઘટનાને અંજામ આપ્યો

# અંકલેશ્વરમાં મહિલા સાથે 25 હજારની ઠગાઈ કરનારા 2 આરોપી ઝબ્બે, 2 દિવસના રિમાન્ડ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેરમાં આવેલા એક્સિસ બેંકના એ.ટી.એમમાં એક મહિલા ગત 7 મી ડિસેમ્બરે રૂપિયા ઉપાડવા ગઈ હતી. જ્યાં રૂપિયા ઉપાડવામાં સમસ્યા થતાં ત્યાં ઉભેલાં એક યુવાને તેમને મદદ કરવા લાગ્યો હતો. જેમાં તેણ પહેલાં બેલેન્સ જોવાના બહાને પ્રોસેસ વેળાં પીન નંબર મેળવી લીધો હતો. જે બાદ વાતોમાં ભોળવી તેના બીજા સાથીની મદદથી તેમનો કાર્ડ બદલી નાંખ્યો હતો. જે બાદ કાર્ડ નહીં ચાલતાં મહિલા ત્યાંથી જતી રહી હતી. બીજી તરફ ગઠિયાઓએ તેમના કાર્ડથી 25 હજાર રૂપિયા ઉપાડી લીધાં હતાં. બનાવ સંદર્ભે અંક્લેશ્વર એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાતાં પોલીસે એટીએમ સેન્ટરના સીસીટીવી ફૂટેજ મેળવ્યાં હતાં. જેના આધારે હ્યુમન ઈન્ટેલિજન્ટની મદદથી બન્ને ગઠિયાઓને શોધવાનીકવાતય હાથ ધરી હતી. પોલીસે પ્રથમ સુરત પલસાણા ખાતે રહેતા મૂળ યુપી ના નીતિન સિંગ નકુલ સિંગને ઝડપી પાડ્યો હતો અને તેની પૂછપરછ સાથે જ અન્ય સાથીદાર આકાશ સિંગ હરિદાસ સિંગ ને નવસારી શહેર ના રામ નગરથી ઝડપી પાડ્યો હતો. બંનેના બે દિવસના રિમાન્ડ મેળવી આકરી પૂછપરછમાં બને ઠગ અન્ય બે સાથીદાર સાથે બાઈક પર આવ્યા હતાં. અંકલેશ્વર ઉપરાંત દહેજ ખાતે પણ અન્ય એક ઈસમ નું કાર્ડ બદલી 14500 રૂપિયા ઉપાડી લીધા હોવાની કબૂલાત કરી હતી. વર્તમાન સમયમાં ઈન્ટરનેટની સાથે સાયબર ક્રાઈમના ગુનામાં પણ વધારો થઈ રહયો છે. સાયબર ક્રાઈમ આચરતી ટોળકીનો ભોગ લોકો બની રહયાં છે ત્યારે બેંકમાં પૈસા ઉપાડતી જતી વખતે પણ કાળજી રાખવી જરૂરી બની છે.

**DATE: 27/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

ભરૂચના જૂના નેશનલ હાઇવે પર એક જ દિવસમાં અલગ અલગ 97 કેસ નોંધાયા

# ગતિ મર્યાદા 40 કિમીની પણ 80 થી 100ની ઝડપે વાહન હંકારતા ચાલકો ઝડપી પડાયા

## જિલ્લા ટ્રાફિક પોલીસે 52 હજારના દંડની વસૂલાત પણ કરી, વાહનચાલકોમાં ફફડાટ




ભરૂચના જૂના નેશનલ હાઈવે પર વાહન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

**ક્યાં પ્રકારના કેસ કરવામાં આવ્યાં**

| કેસ | સંખ્યા |
|---|---|
| હેલ્મેટ | 07 |
| સીટ બેલ્ટ | 22 |
| મોબાઈલ ફોન | 08 |
| વધુ પેસેન્જર | 07 |
| લાયસન્સ વિનાના | 06 |
| પીયુસી વિનાના | 11 |
| ઓવરસ્પીડ | 13 |
| ફર્સ્ટ લેન ભંગ | 04 |
| નો પાર્કિંગ | 12 |
| અન્ય કેસ | 07 |
| એમવી એક્ટ 185 | 02 |
| એમવી એક્ટ 207 | 21 |
| કુલ | 97 |

ભાસ્કર ન્યૂઝ। અંકલેશ્વર

ભરૂચ અને અંકલેશ્વરને જોડતાં જૂના નેશનલ હાઈવે પર વધી રહેલાં અકસ્માતોને રોકવા માટે વાહનો માટે ગતિ મર્યાદા 40 કિમી પ્રતિ કલાકની નક્કી કરવામાં આવી છે તેમ છતાં એસટી બસ સહિતના વાહનો નિયમોનું પાલન કરી રહયાં નથી. પૂરઝડપે દોડતા વાહનો તથા નિયમોનો ભંગ કરનારાઓ સામે પોલીસે ઝૂંબેશ હાથ ધરી છે. ઓવરસ્પીડ સહિતના અલગ અલગ નિયમોનો ભંગ કરવા બદલ એક જ દિવસમાં 97 કેસ નોંધી વાહનચાલકોને 52 હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે. નર્મદા નદી પર નર્મદા મૈયા બ્રિજના નિર્માણ બાદ ભારદારી વાહનોની અવરજવર પણ શરૂ કરી દેવાતાં અકસ્માતો વધી ગયાં હતાં.

ભારદારી વાહનોની અવરજવરના લીધે અકસ્માતો વધી જતાં ભરૂચ અને અંકલેશ્વરના લોકોએ વિરોધ કર્યો હતો. તત્કાલીન કલેકટર તુષાર સુમેરાએ નર્મદા મૈયા બ્રિજ પરથી પસાર થતાં વાહનો માટે 40 કીમી પ્રતિ કલાકની ગતિ મર્યાદા નક્કી કરી હતી પણ હાલ વાહનો 80થી વધુની ઝડપે જઈ રહયાં છે તથા રાત્રિના સમયે ખાનગી વાહનો પણ નર્મદા મૈયા બ્રિજ પરથી પસાર થઈ જતાં હોય છે. જિલ્લા ટ્રાફિક પીઆઈ ભાવના મહેરીયા તથા તેમની ટીમે જૂના નેશનલ હાઈવે પર વાહન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જિલ્લા ટ્રાફિક પોલીસની ટીમ ગતિ મર્યાદા માપવા માટેના સ્પીડોમીટર તેમજ બોડી કેમ સાથે વિવિધ પોઈન્ટ પર તૈનાત કરી દેવાયાં હતાં. સ્પીડોમીટરની મદદથી એસટી બસ સહિતના વાહનોની ગતિ માપવામાં આવી હતી.40 કીમી પ્રતિ કલાકની ગતિ મર્યાદા હોવા છતાં વાહનચાલકો 80 થી 100 કિમી પ્રતિ કલાકની ઝડપે વાહનો ચલાવતાં જોવા મળ્યાં હતાં.આ ઉપરાંત હેલ્મેટ, સીટબેલ્ટ, સહીત આર.ટી.ઓ અને ટ્રાફિક નિયમના ભંગ બદલ વાહન ચાલકો સામે કડક કાર્યવાહી શરુ કરી હતી.

### વાહનચાલકો નિયમોનું પાલન કરે તે જરૂરી

ભરૂચના જૂના નેશનલ હાઈવે પર વાહનો ઓવરસ્પીડમાં જતાં હોવાની ફરિયાદો ઉઠી હતી જેથી ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. એક જ દિવસમાં 97 કેસમાં 52 હજારના દંડની વસુલાત કરવામાં આવી છે. આડેધડ રીતે વાહનો પાર્ક કરી દેતાં હોવાથી અકસ્માતો પણ થઈ રહયાં હોવાથી આગામી દિવસોમાં આવા વાહનચાલકો સામે પગલાં ભરવામાં આવશે.» **ભાવના મહેરીયા,** પીઆઈ, જિલ્લા ટ્રાફિક પોલીસ

**DATE: 27/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

મહિલા પર દુષ્કર્મની ઘટનાઓ રોકવા કેએસઆરપી પાર્ટીના ઉપપ્રમુખ સહિત 6 પદયાત્રીઓને ટ્રકે ટક્કર મારતાં 2 ના મોત થયા હતાં

# પાનોલીમાં 2 પદયાત્રીના મોત

# 27 સ્થળના 100 સીસીટીવી તપાસ્યાં, 80માંથી 5થી 7 વાહન અલગ તારવી આરોપીને પકડયો

*(દેશમાં સ્રીઓ પરના અત્યાચાર અને દુષ્કર્મના બનાવો રોકવા લોકોમાં જાગૃતિ લાવવા માટે મેંગ્લોરથી દીલ્હી પદયાત્રા કરી રહેલાં કર્ણાટકની કેએસઆરપી પાર્ટીના ઉપપ્રમુખ સહિત 6 પદયાત્રીઓ સોશિયલ મિડિયામાં લાઈવ કરી રહયાં હતાં ત્યારે પાછળથી આવતી ટ્રકે ટક્કર મારી હતી જેમાં ઉપપ્રમુખ સહિત બે લોકોના મોત થયાં હતાં જ્યારે 4 ઘાયલ થયાં હતાં. સમગ્ર કાર્યવાહી કેવી રીતે કરવામાં આવી તે પાનોલીના પીઆઈ શિલ્પા દેસાઈએ તેમના જ શબ્દોમાં જણાવ્યું હતું)*

## સોશિયલ મીડિયામાં લાઇવ કરી રહ્યાં હતાં ત્યારે પાછળથી ટ્રકે ટક્કર મારી હતી



**ફર્સ્ટ પર્સન**
શિલ્પા દેસાઈ
પીઆઈ, પાનોલી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ/પાનોલી

બાકરોલ બ્રિજ પાસે અકસ્માતની જાણ થતાં અમારી ટીમ સ્થળ પર પહોંચી હતી. પદયાત્રીઓ સોશિયલ મિડીયા પર લાઈવ કરી રહયાં હોવાનું અમને જાણવા મળ્યું હતું. જેથી સમય બાબતે એક અંદાજ આવી શકતો હતો કે બનાવ આ વીડિયો અપલોડ થયાની આઠ થી દસ મિનિટમાં જ બન્યો હશે. પરંતુ અકસ્માત થયો તે સ્થળ પર કોઈ સીસીટીવી કેમેરા ના હતાં તેમજ મુંબઈ દિલ્હીને જોડતો નેશનલ હાઈવે હોઈ વાહનોની સતત અવરજવર ચાલુ રહેતી હોવાથી કોઈ ચોક્કસ વાહન ટ્રેક કરવું શક્ય નહોતું. જેથી આ માટે એક ટીમ બનાવી હતી. આ પદયાત્રી જે તરફથી આવતા હતા ત્યાંથી ભરૂચ ટોલનાકાના સુધીના અલગ અલગ 27 લોકેશનના 100 થી વધુ સીસીટીવી કેમેરાની વિગતો જોઈ આશરે 80 જેટલા ટ્રક ડ્રાઈવરોની પૂછપરછ કરી હતી. આ ટ્રકના ફોટાઓ કર્ણાટકમાં રહેલાં ઈજાગ્રસ્તોને મોકલવામાં આવતાં ટ્રક સફેદ રંગની હોવાનું જણાવતાં આખરે 5 થી 7 વાહનોને અલગ તારવવામાં આવ્યાં હતાં. જેમાં તપાસને એક ચોક્કસ દિશા મળી હતી. અને હવે આ બે ગાડી વચ્ચે પસાર થતી ગાડીઓ ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરવાનું હતું. જેમાંથી એક વ્હાઈટ કલરની કોલસા ભરેલી ગાડીને સીસીટીવી આધારે ટ્રેક કરતા તેની આગળની બોડી થોડી ડેમેજ હોવાનું જણાયું હતું. જે ગાડી હજીરાથી કોલસો ભરી અંકલેશ્વર જીઆઈડીસીમાં જતી હતી. જેને રૂટ મુજબ ચેક કરતા તથા જે કંપની પર કોલસો ઉતારેલ ત્યાંથી સીસીટીવી ફૂટેજ મેળવતા ગાડીની વિગતો અને ડ્રાઈવરનો ચહેરો મળી આવ્યો હતો. ત્યારબાદ ગાડીના માલિકને સંપર્ક કરતાં તેઓ બહારગામ હોવાનું જાણવા મળ્યું હતું. અને તેઓને આવા અકસ્માત વિશે કંઈ ખબર નથી તેમ જણાવ્યું હતું. જેઓની પાસેથી તેમની તમામ ગાડીના નંબર અને ડ્રાઈવર ના નામ નંબર મેળવી ટેકનિકલી લોકેશન મેળવી ડ્રાઈવરને ગાડી સહિત એક્સેલ હોટેલ પાનોલી ખાતેથી ઝડપી પાડ્યો હતો. એક રીતે કહી શકાય કે ફરાર ટ્રક ડ્રાઈવરને પકડવો અમારા માટે પડકાર હતો પણ અમારી મહેનત રંગલાવી છે.




### હજીરાથી કોલસો ભરીને ડ્રાઇવર આવતો હતો

## કોલસો ખાલી કર્યા વિના સુરત ગયો, ફરીથી આવતાં અકસ્માત

**ભાસ્કર ઇનસાઇડ**

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ટ્રક ડ્રાઈવરની ઓળખ રમેશ ગેંદલાલ તરીકે થઈ છે. તે મધ્યપ્રદેશનો રહેવાસી છે. તે ટ્રકમાં હજીરાથી કોલસો ભરીને અંકલેશ્વર જીઆઈડીસીની એક કંપનીમાં આપવા માટે આવ્યો હતો પણ કોઈ કારણોસર કોલસો અનલોડ નહિ થતાં તે પર સુરત આવવા રવાના થઈ ગયો હતો. બાદમાં ફરીથી તે કોલસો અનલોડ કરવા માટે અંકલેશ્વર જીઆઈડીસી તરફ આવી રહયો હતો તે સમયે પાનોલી પાસે સોશિયલ મિડિયામાં લાઈવ કરી રહેલાં 6 પદયાત્રીઓને ટક્કર મારી હતી જેમાં રાજકીય આગેવાન લીંગેગોડા અને આદમના મોત થયાં હતાં. પોલીસને ટક્કર મારનારી ટ્રક સફેદ રંગની હોવાની માહિતી મળતાં શંકાસ્પદ ટ્રકો શોધી કાઢી હતી. તેમનો માલિક ઓરિસ્સાનો રહેવાસી છે. અકસ્માતનો સમય અને મોબાઈલના લોકેશનના આધારે આરોપી રમેશની હાજરી મળી આવતાં તેની ધરપકડ કરવામાં આવતાં તેણે ગુનાની કબુલાત કરી લીધી હતી.

**DATE: 28/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

# હજાત ગામેથી ઓરડીમાં સંતાડી રાખેલો દારૂ ઝડપાયો

અંકલેશ્વર : ભરૂચ ક્રાઈમ બ્રાન્ચની ટીમે હજાત ગામેથી રૂ.૭૦ હજારનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો, જ્યારે બુટલેગર નાસી જતાં તેને વોન્ટેડ જાહેર કરાયો છે.

ભરૂચ ક્રાઈમ બ્રાન્ચની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. તે દરમ્યાન અંકલેશ્વર તાલુકાના હજાત ગામે રહેતો દશરત ઉર્ફે દશુ વસાવાએ સમડી ફળીયામાં તેના ઘરની પાછળ આવેલી અવાવરુ ઓરડીમાં વિદેશી દારૂનો જથ્થો લાવીને સંતાડી રાખ્યો હોવાની બાતમી મળતાં તેના આધારે દશરતના ઘરે રેડ પાડી ઘરની પાછળની ઓરડીમાં સંતાડી રાખેલા વિદેશી દારૂની બોટલો ઝડપી પાડી હતી.

# વાલપોર ગામે સટ્ટા બેટિંગના આંકડાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

નેત્રંગ. તા.૨૬

નેત્રંગના પૂર્વના ડુંગર વિસ્તારમા આવેલા વાલપોર ગામે નેત્રંગ પોલીસે આંક ફરકના આંકડાનો જુગાર રમાડતા એક શખ્સને કુલ રૂ.૨૩૦ના મુદામાલ સાથે ઝડપી લીધો હતો.

નેત્રંગ પોલીસનો સ્ટાફ વિસ્તારમા ખાનગી વાહન મારફત તા,૨૬ના રોજ પેટ્રોલિંગમા હતા.તે સમય દરમિયાન બાતમીના આધારે વાલપોર ગામે નિશાળ ફળીયામા રહેતો છત્રસીંગ ફલસીંગ વસાવા પોતાના ઘરના આગળના ભાગે આવેલી અડાળીમા ખાટલા પર બેસી આંક ફરકના આંકડાનો સટ્ટા બેટીંગનો જુગાર રમી રમાડી રહેલો છે.જે બાતમી આધારે રેડ કરાતા આંકડાનો જુગાર લખાવતા ઈસમો તેમજ આંકડાનો જુગાર લખતો છત્રસીંગ ફલસીંગ વસાવા પોસીસને ચકમો આપી ફરાર થવા જતા જ પોલીસે તેને ડબોચી લીધો હતો.તેની અંગઝડતી. રોકડા રૂ,૨૩૦ નો મુદામાલ જપ્ત કર્યો હતો.નેત્રંગ પોલીસ સ્ટેશન ખાતે જુગાર ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

**DATE: 28/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### સ્ટોરમાંથી કેટાલિસ્ટ પાઉડર ચોરાયો હતો

# દહેજની હેમાની કંપનીમાં ચોરી કરનાર ગલ્લાધારક ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ



દહેજ જીઆઈડીસી વિસ્તારમાં આવેલી હેમાની ઈન્ડસ્ટ્રીઝ કંપનીમાં ગત 22મી ડિસેમ્બરની રાત્રીએ કોઈ તસ્કરે ત્રાટકી સ્ટોર રૂમના શટરનું તાળું તોડી અંદરથી 40 હજારની મત્તાનું કેટાલીસ્ટ પાવડર ભરેલું ડ્રમ કોઈ ચોરી કરી ગયું હતું. બનાવને પગલે દહેજ પોલીસ મથકે ફરિયાદ નોંધાતાં પોલીસે આરોપીને શોધવાના ચક્રો ગતિમાન કર્યાં હતાં. દરમિયાનમાં સ્ટોરરૂમમાં લાગેલા સીસીટીવી કેમેરામાં તપાસ કરતાં કંપનીની સામે આવેલાં એક ગલ્લામાં રહેતાં વિશાલ ઉર્ફે વિક્કી રાજકુમાર પવાર (મુળ રહે. ધાર, એમપી) નામના આરોપીએ જ ચોરી કરી હોવાનું માલુમ પડતાં પોલીસે તેની પાસેથી કુલ 5 કિલો પાવડર રિકવર કર્યો હતો. પોલીસે તેના રિમાન્ડ મેળવવાની કવાયત હાથ ધરી છે.

**DATE: 28/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

ગઠિયાઓએ બેનિફીશરી ખાતાની માહિતી મેળવી ફ્રીઝ કરી દીધાં હતાં

# ભરૂચમાં ઓનલાઈન ઠગાયેલા 161 લોકોના ₹ 1.15 કરોડ પરત કરાવાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ઓનલાઈન ઠગાઈમાં છેતારાયેલાં ભરૂચ જિલ્લાના 161 લોકોના કુલ 1.15 કરોડ રૂપિયા પરત અપાવ્યાં છે. ઓનલાઈન ઠગાઈ કરતાં ગઠિયાઓ દ્વારા લોકોના રૂપિયા ઓનલાઈન ટ્રાન્સફર કર્યાં બાદ અલગ અલગ ખાતાઓમાં રૂપિયા ફેરવી ઉપાડી લેતાં હોય છે. જોકે, તે પહેલાં ગોલ્ડન અવર્સમાં સાયબર હેલ્પલાઈન પર ફરિયાદ કરવામાં આવતાં તે પૈકીના કેટલાંક ખાતાઓમાં ઠગાઈના રુપિયા ફ્રિઝ કરવામાં આવે છે. જે જરૂરી પ્રોસેસ પુર્ણ કરી જે તે વ્યક્તિને પરત કરવામાં આવે છે.

ભરૂચ શહેર જિલ્લામાં કેટલાંય લોકો ઓનલાઈન ઠગાઈના ભોગ બન્યાં છે. ભરૂચ સાયબર ક્રાઈમની ટીમ દ્વારા છેતરાયેલાં લોકોના રૂપિયા પરત લાવવા માટેના સતત પ્રયાસ કરવામાં આવે છે. જેના ભાગરૂપે તાજેતરમાં જિલ્લાના 131 લોકોના 1.15 કરોડ રૂપિયા પરત લાવવામાં સફળતાં મળી છે. ઓન લાઈન ઠગાઈ કરતાં ભેજાબાજો દ્વારા લોકોને ઓનલાઈન ઈન્વેસ્ટમેન્ટ, ટાસ્ક પુરા કરવા સામે સારી ઈન્કમ મળવાની લાલચ આપી, વિદેશમાં નોકરી સહિતની લાલચ, મોટા પોલીસ અધિકારી કે અન્ય કોઈ અધિકારી તરીકેની ઓળખ આપી ધમકાવી તેમજ અન્ય રીતે ઠગાઈ કરવામાં આવતી હોય છે. ત્યારે ભોગ બનનારા લોકો દ્વારા પોતાના બેન્કમાં કે પોલીસ મથકે ફરિયાદ કરવામાં આવે છે. ત્યારે સાયબર ક્રાઈમ પોલીસની ટીમ દ્વારા આવા ઠગાયેલાં લોકોના રૂપિયા પરત મેળવવા માટેની પ્રોસેસ કરાય છે. જેમાં જે તે બેન્કનો સંપર્ક કરી અપરાધીઓના બેનીફીશરી એકાઉન્ટની માહિતી મેળવી તેને ફ્રીઝ કરવામાં આવ્યાં હતાં. અને અલગ અલગ બેન્કો પાસેથી તે એકાઉન્ટોની માહિતી મેળવી તેમાંથી રૂપિયા પરત અપાવ્યાં છે. ભરૂચ જિલ્લામાં પોલીસે વર્ષ 2024માં અત્યાર સુધીમાં 4.05 કરોડ રૂપિયા જે તે ગ્રાહકોને પરત અપાવ્યાં છે.



## ગોલ્ડન અવર્સ શું છે ?

ભેજાબાજો દ્વારા ઓનલાઈન સંપર્ક કર્યાં બાદ જે તે વ્યક્તિના ખાતામાંથી રૂપિયા અન્ય ખાતામાં ટ્રાન્સફર કરાવી લેતાં હોય છે. ત્યારે ગોલ્ડન અવર્સમાં એટલે કે ઠગાઈ થયાના પાંચ કલાકની અંદર હેલ્પનાઈન નંબર 1930 પર સંપર્ક કરી ફરિયાદ નોંધાવે તો રૂપિયા ટ્રાન્સ્ફર કરાયેલાં એકાઉન્ટમાં જો રૂપિયા હજી ખાતામાંથી નિકળ્યાં ન હોય તો તે ફ્રિઝ કરી દેવાય છે અને જરૂરી પ્રોસેસ પુરી કરી તેમના રૂપિયા પરત કરી શકાય છે.

**DATE: 29/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### રાજપારડી ખાતે પોલીસે સાયબર ક્રાઇમ અંગે સેમિનાર યોજાયો

# ડીજીટલ એરેસ્ટથી બચવા ગભરાયા વિના પોલીસ મથકમાં જાણ કરવી

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા તાલુકાના રાજપારડી પોલીસ સ્ટેશન ખાતે વ્યાજખોરીના સંદર્ભમાં સેમીનાર યોજવામાં આવ્યો હતો. સેમિનારમાં સ્થાનિક બેન્કના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમમાં રાજપારડી પીઆઇ એચ.બી.ગોહીલે ઉપસ્થિત લોકોને જણાવ્યું હતું કે ઉંચા વ્યાજ દરે અને ગેરકાયદેસર રીતે નાણાં ધીરતા વ્યાજ ખોરોથી સાવધ રહેવું જોઈએ, જો કોઈને



રાજપારડી ખાતે જનજાગૃતિ સેમિનાર યોજાયો હતો.

વ્યાજે નાણાં લેવાની જરૂરિયાત ઉભી થાય તો વ્યાજે નાણાં લેતી સમયે અને નાણાં પરત આપતી વખતે નિયમો મુજબનું લખાણ લેવું હિતાવહ છે. આ ઉપરાંત ડિજિટલ એરેસ્ટ તેમજ સાયબર ફ્રોડ અંગે પણ લોકોને જાગૃત કરતા જણાવાયું હતું કે કોઈ વ્યક્તિ પોલીસ અધિકારીની ઓળખ આપી વિડીયો કોલ કરી ડિજિટલ અરેસ્ટ કરી નાણાંની માંગણી કરે અમને જાણ કરો

**DATE: 29/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-12**

### વ્યાજખોરોનો ત્રાસ વધી જતાં નબીપુર પોલીસ સતર્ક

# લોકજાગૃતિ અંતર્ગત નબીપુર પોલીસ દ્વારા સેમિનાર યોજાયો

### લોન લઈ વ્યાજખોરોના ભરડામાં નહી આવવા સમજ અપાઈ

। ભરૂચ ।

ભરૂચના નબીપુર પોલીસ મથકમાં લોન અંગેનો સેમિનાર યોજાયો હતો. ભરૂચ એક્સિસ બેંકના અધિકારી હાજર રહ્યા હતા. નબીપુરના પીએસઆઈએ લોકજાગૃતિ અંતર્ગત સેમિનારનું આયોજન કરાવ્યુ હતુ. હાલમાં સમાજમાં વ્યાજખોરોનનો ત્રાસ વધી ગયો છે. જેની સામે લોકોમાં જાગૃતિ લાવવાના હેતુસર પોલીસ મથકમાં લોન સેમિનારનું આયોજન કરાયુ હતુ.



આ સેમિનારમાં બેંકના અધિકારી દ્વારા ઉપસ્થિતોને જણાવવામાં આવ્યુ હતુ કે, જરૂરિયાતમંદોને લોનની જરૂર પડે ત્યારે તેઓ વ્યાજખોરોના સંપર્કમાં આવી ઉંચા વ્યાજ દરે લોન લઈ લે છે અને પછી વ્યાજખોરોના ભરડામાં આવી કેટલીકવાર ન કરવાનું પણ કરી બેસે છે અને તેમની ચુંગાલમાંથી બહાર નીકળી શકતા નથી. પણ આવા જરૂરિયાત મંદ લોકો જો તેમને જયારે લોનની જરૂર પડે તો તેઓ સીધો બેંકોનો સંપર્ક કરે અને નિતી નિયમો મુજબ પોતાની જરૂરિયાત મુજબ લોન લઈ વ્યાજખોરોના ભરડામાં નહી આવવા સમજ અપાઈ હતી.

આવા વ્યાજખોરોને કારણે ઘણા કુટુંબો નિરાધાર પણ થઈ ગયા છે તેવુ તેમનુ કહેવુ હતુ. આ સેમિનારમાં નબીપુર પોલીસ સ્ટેશનની હદમાં આવતા ગામોના ઘણા પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.